RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 345 * Date: 06.10.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

અમેરિકા પોતાની મરજીથી એકલું પડયું, ચીનના ઉદયથી દુનિયા બદલાઈ રહી છે



મ્યુનિકમાં ૬૨મા સુરક્ષા સંમેલનમાં વિદેશ મંત્રી જયશંકરે જણાવ્યું કે, વોશિંગ્ટનની નીતિઓ અને ચીનના ઉદયથી દુનિયા બદલાઈ રહી છે. અમેરિકા જાણી જોઈને એકલું પડ્યું છે. ભારતે રશિયા-યુક્રેન યુદ્ધ ઉકેલવામાં સલાહકારમાંથી સક્રિય મધ્યસ્થીની ભૂમિકા અપનાવી છે. તેમણે અમેરિકા-ચીન સ્પર્ધા, અને ઉભરતી અર્થવ્યવસ્થાઓની આત્મનિર્ભરતા પર પણ ભાર મૂક્યો.અમેરિકા પોતાની મરજીથી એકલું પડયું છે. વોસિંગ્ટનની નીતિઓમાં પરિવર્તન અને ચીનના વધતા ઉદયથી દુનિયા બદલાઈ રહી છે તેમ ભારતના વિદેશ મંત્રી જયશંકરે ૬૨મા મ્યુનિક સુરક્ષા સંમેલનમાં જણાવ્યું હતું. આ સાથે તેમણે રશિયા અને યુક્રેન યુદ્ધનું સંકટ ઉકેલવામાં ભારતની બદલાયેલી રણનીતિક પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, ભારત હવે માત્ર સલાહકારની ભૂમિકામાંથી આગળ વધીને રશિયા અને યુક્રેન વચ્ચે સક્રિય રીતે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે.વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, અમેરિકા અને ચીન વચ્ચે થતી આકરી સ્પર્ધા, ઊભરતી અને મધ્યમ અર્થતંત્રો વચ્ચે વધતી આત્મનિર્ભરતા તથા ભાગીદારીમાં વિવિધતા લાવવા તથા જોખમ ખડાવાના પ્રયાસોથી આંતરરાષ્ટ્રીય સિસ્ટમ નક્કી થઈ રહી છે. આજની સ્થિતિ મુખ્ય રૂપે અમેરિકાની બદલાયેલી સ્થિતિથી નક્કી થઈ રહી છે. અમેરિકા ઈરાદાપૂર્વક એકલું પડી ગયું છે. વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું બીજું મોટું પાસું ચીનનો ઉદય છે. દુનિયાના મેન્યુફેક્ચરિંગમાં તેની ભાગીદારી ત્રીજા ભાગની છે. સાથે જ આર્થિક ક્ષમતાઓ રાજકીય પ્રભાવમાં બદલાઈ રહી છે. ચીન પોતાને એક અનોખો દેશ માને છે. અમેરિકા અને ચીન વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે, જે બંને દેશો પૂરતી મર્યાદિત નથી. તેના કારણે કોઈપણ દેશ પાસે વર્તમાન તાકાત અથવા પ્રભાવનો ઉપયોગ હથિયાર તરીકે કરાઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, ઊભરતા અને મધ્યમ આર્થિક શક્તિવાળા દેશો પોતાના હિતો અંગે જાગૃત થઈ રહ્યા છે. તેઓ વધુમાં વધુ આત્મનિર્ભરતા ઈચ્છે છે. તેઓ પોતાના અર્થતંત્ર અને સુરક્ષા સંબંધિત ચિંતાઓથી આગળ વધીને અલગ અલગ વિકલ્પ અપનાવવા અને જોખમ ઘટાડવા પર ધ્યાન આપી રહ્યા છે. આ સિવાય જયશંકરે રશિયા અને યુક્રેન સંઘર્ષનો ઉકેલ લાવવાના પ્રયાસમાં ભારત મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું હોવા પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું કે, ભારત લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા યુક્રેન અને રશિયા બંને સાથે વાતચીત કરી રહ્યું છે.

ઈલોન મસ્કનું ભારતીય મૂળની પાર્ટનર શિવોન જિલિસ સાથે બ્રેકઅપ

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક અને ભારતીય મૂળના શિવોન જિલિસનો સંબંધ અચાનક સમાપ્ત થયો છે. ન્યુરાલિંકના સિનિયર એક્ઝિક્યુટીવ શિવોને ઠ પર આ માહિતી આપી. તેમણે કહ્યું કે પ્રેમભર્યા સંબંધમાંથી અલગ થવું મુશ્કેલ છે, પરંતુ તેઓ સારા મિત્રો રહેશે અને બાળકોના વાલી તરીકેની જવાબદારી નિભાવશે. ફેબ્રુઆરી ૨૦૨૫માં મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન મસ્ક અને શિવોને બાળકો સાથે તેમની મુલાકાત પણ કરી હતી. વિશ્વના સૌથી અમીર વ્યક્તિ અને સ્પેસ



એક્સના માલિક ઈલોન મસ્ક અને તેમની ભારતીય મૂળની પાર્ટનર શિવોન જિલિસનો સંબંધ અચાનક સમાપ્ત થયો છે. ન્યુરાલિંકની સિનિયર એક્ઝિક્યુટીવ શિવોને મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જ આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે પ્રેમભર્યા સંબંધમાંથી અચાનક અલગ થવું મુશ્કેલ છે. પણ જીવન ક્યારેક એવી પરિસ્થિતિ સામે લાવે છે.શિવોન જિલિસે સ્પષ્ટ કર્યું કે સંબંધ સમાપ્ત થયા પછી પણ તે અને મસ્ક સારા મિત્રો બની રહેશે તેમજ બાળકોના વાલી તરીકેની જવાબદારી નિભાવતા રહેશે. તેમના જણાવ્યા મુજબ આ અલગાવ કોઈ લાંબી ખેંચતાણ પછી નહિ, પણ અચાનક થયો છે.સોશિયલ મીડિયા પરની તેમની પોસ્ટમાં તેમણે આ પરિવર્તનને ભાવનાત્મક રીતે મુશ્કેલ ગણાવ્યું હતું.

શિવોન ભારતીય અને કેનેડિયન મૂળ ધરાવે છે. મસ્કે અગાઉ એક મુલાકાતમાં તેમની પાર્ટનર અડધી ભારતીય હોવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમના એક પુત્રનું નામ ભારતીય ભૌતિકશાસ્ત્રી સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખરના નામ પરથી શેખર રાખવામાં આવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત દરમ્યાન મસ્ક અને શિવોને બાળકો સાથે તેમની મુલાકાત પણ કરી હતી.



કોકપીટમાં નમાઝ પઢી પછી અચાનક હુમલો કર્યો : કેપ્ટન સ્મિત મચ્છરે નેતન્યાહૂને જણાવ્યું

ફ્લાયદુબઈની ફ્લાઈટમાં પાયલોટ સ્મિત મચ્છર પર ઓમાની કો-પાયલોટે કુહાડી જેવા શસ્ત્રથી કોકપીટમાં હુમલો કર્યો હતો. આ ઘટનામાં ૧૭૪ યાત્રીઓ હતા, જેમાં મોટાભાગના યહૂદીઓ હતા. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફોન પર કેપ્ટન સ્મિત સાથે વાત કરી, અને તેમને તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈઝરાયલના આગામી સ્વાતંત્ર્ય દિને મશાલ પ્રગટાવવા આમંત્રણ આપ્યું. છઈની તપાસ સંસ્થા હુમલો કરનાર કો-પાયલોટની પૂછપરછ કરી રહી છે.ફ્લાઈદુબઈની ફ્લાઈટમાં પાયલોટ સ્મિત મચ્છર ઉપર જે રીતે હુમલો કરવામાં આવ્યો, તેની પૂરી વિગતો હવે બહાર આવી રહી છે. જે પાયલોટ મચ્છરે જ જણાવી છે : પાયલોટ



મચ્છર ઉપર કોકપીટમાં ઓમાની કો-પાયલોટે તેની ઉપર કુહાડી જેવાં શસ્ત્રોથી હુમલો કર્યો હતો. હુમલો કરનાર ઓમાની કો. પાયલોટ હમમ અલ હમ્મમીની યુએઈની તપાસ સંસ્થા પૂછપરછ કરી રહી છે.ફ્લાઈ દુબઈની તે ફ્લાઈટમાં ૧૭૪ જેટલા કુલ યાત્રીઓ હતા. ૧૭૦ પ્રવાસીઓ, પાયલોટ અને બે અન્ય ક્રૂ હતા. તે વિમાનમાં મોટાભાગના યહૂદીઓ જ હતા. તેની સાથે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂયે વાતચીત કરી હતી.નેતન્યાહૂએ ફોન પર કહ્યું : નેતન્યાહૂ સ્પીકીંગ કેપ્ટન સ્મિત કેન યુ હીયર મી ?કેપ્ટન સ્મિત જી, સર આપને સાંભળી શકું છું. આપ ઠીક તો છો ને ?નેતન્યાહૂ : હું ઠીક છું. તમોને કેવું લાગે છે ?કે. સ્મિત : ધીમે ધીમે સાજો થઈ રહ્યો છું.નેતન્યાહૂ : આભાર : કેપ્ટન હું આપને અને મારા પ્રિયમિત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવા માગું છું કે અમારા આગામી સ્વાતંત્ર્ય દિને મશાલ પ્રગટાવો. આમ, ભારત અને ઈઝારયલ બંને બહાદૂર દેશોના સાચા નાયકો છે. સમગ્ર દુનિયાના નાયકો છે. તમો જણાવી શકશો કે તે બન્યું કઈ રીતે ?કે. સ્મિત : તે એક નિયમિત ઉડ્યન હતું. મારા કો પાયલોટે માગણી કરી કે હું નમાઝ પઢવા માગું છું. મેં કહ્યું ભલે : અહીં અનેક લોકો નમાઝ પઢે જ છે, મને તેમાં કશું અસામાન્ય લાગ્યું નહીં. તે નમાઝ પઢતો હતો હું તો સામે જોતો હતો. ત્યાં અચાનક ચાર પાંચ મિનિટમાં જ મારાં માથાનાં પાછળના ભાગે ઘા વાગ્યો. મને થયું કે વિમાનમાં કશી ગરબડ હશે, વિમાનને ભારે નુકસાન થયું હશે. ત્યાં તો ઉપરા ઉપરી ઘા થવા લાગ્યા, એક પછી એક તેથી મને લાગ્યું કે વિમાનની ગરબડથી નહીં મારા સાથી પાયલોટ દ્વારા જ ઘા થઈ રહ્યો છે. મેં તેને રોકવાની કોશીશ કરી.

જ્ઞાનેશ કુમાર સામે ૨૦ વર્ષ જૂના કેસમાં કેરળ સરકારે તપાસ શરૂ કરી

કેરળ સરકારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ભ્રષ્ટાચાર મામલે વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. તેઓ ૨૦૦૬માં કેરળના ઉચ્ચ સચિવ હતા, ત્યારે રોડ નિર્માણ કોન્ટ્રાક્ટમાં નાણાકીય ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હતા. મલેશિયન પ્રોજેક્ટ મેનેજર લી સી બીનની આત્મહત્યા કેસમાં પણ તેમનું નામ સંડોવાયેલું છે. આ ૨૦ વર્ષ જૂનો કેસ ફરી ખુલ્યો છે.'સર' કામગીરી મુદ્દે વિવાદોમાં ઘેરાયેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિપક્ષ અને વિદ્યાર્થી સંગઠનોએ મોરચો માંડયો છે ત્યારે હવે કેરળ સરકારે કેરળ લોક નિર્માણ વિભાગના સચિવપદે તેમણે આચરેલા કથિત ભ્રષ્ટાચાર મુદ્દે



વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. આ કેસમાં ભ્રષ્ટાચારના આરોપો ઉપરાંત ૨૦૦૬માં મલેશિયાના સિવિલ એન્જિનિયર લી સી બીનની આત્મહત્યાના કેસ સાથે તેમનું નામ જોડાયું છે.કેરળના ગૃહમં?ધી રમેશ ચેન્નિથલાએ જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગુનાઈત ગબનના આરોપો બદલ વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ૨૦ વર્ષ જૂના એક મોટા વહીવટી અને ભ્રષ્ટાચારનો કેસ ફરી ખોલવામાં આવ્યો છે. આ કેસ વર્ષ ૨૦૦૬નો છે જ્યારે ૧૯૮૮ની બેચના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર કેરળ સરકારમાં લોક નિર્માણ વિભાગ (પીડબલ્યુડી)ના સચિવ તરીકે તૈનાત હતા.મલયાનકીઝુ વેણુગોપાલ તરફથી નોંધાવાયેલી ફરિયાદ પછી કેરળ સરકારે આ પગલું લીધું છે. ફરિયાદમાં આરોપ મૂકાયો છે કે ૨૦૦૬માં પીડબલ્યુડી સચિવ તરીકે જ્ઞાનેશ કુમારે કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ હેઠળ માર્ગ નિર્માણના કોન્ટ્રાક્ટ આપવામાં ભારે નાણાકીય ગડબડો અને ભ્રષ્ટાચાર આચર્યો હતો. વિવાદ વધતા ૨૦૦૬ના અંત પહેલાથી જ જ્ઞાનેશ કુમારને પીડબલ્યુડીના સચિવ પદેથી હટાવીને ટ્રાન્સફર કરી દેવાઈ હતી. તે સમયે પણ એક પ્રારંભિક તપાસ થઈ હતી, પરંતુ ફરિયાદીનો આરોપ હતો કે જૂની તપાસને કોઈપણ તાર્કીક નિષ્કર્ષ પર પહોંચ્યા વિના દબાણ હેઠળ બંધ કરી દેવાઈ હતી.આ સિવાય જ્ઞાનેશ કુમાર એક મલેશિયન પ્રોજેક્ટ મેનેજરની આત્મહત્યાના કેસમાં પણ સંડોવાયેલા છે. કેરળ માર્ગ પ્રોજેક્ટમાં પીએટીઆઈ-બીઈએલ નામની ભારત-મલેશિયાની સંયુક્ત કંપની કામ કરતી હતી. આ કંપનીના મુખ્ય પ્રોજેક્ટ મેનેજર અને મલેશિયન નાગરિક લી સી બીને ૨૦૦૬માં મલેશિયાની રાજધાની કુઆલાલુમ્પુરમાં આત્મહત્યા કરી લીધી હતી. મીડિયા અને તત્કાલિન રિપોર્ટો મુજબ લી સી બીનની સુસાઈડ નોટમાં જ્ઞાનેશ કુમાર અને પીડબલ્યુડીના અન્ય ટોચના અધિકારીઓનું નામ લખાયેલું હતું.

જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી?

શ્રાદ્ધ પિતૃ પક્ષ સડસડાટ અંતિમ તબક્કામાં પહોંચ્યો ત્યારે આજે આપણે જોઈએ તો વિયોગનું સત્ય અને મિલનની તરસ નરએ નારાયણ નો અંશ છે.અંશ એટલે નર,અંશી એટલે નારાયણ. દીવાનો પ્રકાશ ભલે દીવાથી જુદો દેખાય,પણ તે દીવાનો જ છે. તેમ જીવ ઈશ્વરનો જ છે. અંશને અંશી સાથે ન મળે ત્યાં સુધી શાંતિ મળતી નથી.આ જીવની અંદરની અજંપાની,અશાંતિ ની, ખાલીપાની એક જ વ્યાખ્યા છે - તે તેના મૂળથી વિખૂટો પડ્યો છે.

આ મિલન માટે બે માર્ગ શાસ્ત્રોએ બતાવ્યા છે.જ્ઞાનીઓ જ્ઞાનથીઅભેદ સિદ્ધિ કરે છે,હું બ્રહ્મ છું એવો અનુ ભવ કરે છે.અને વૈષ્ણવમહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે.પ્રેમની પરિપૂર્ણતા જ અદ્વૈતમાં છે. શરૂઆતમાં ભક્ત અને ભગવાન બે લાગે છે,પણ પ્રેમ ઘટ્ટ થતાં બે મટી એક થઈ જાય છે. ભક્ત અને ભગવાન છેવટે એક છે. ગોપી અને શ્રીકૃષ્ણ એક છે. આ જ ભાગવતનું રહસ્ય છે.

ડાઘ કેમ પડ્યો તે નહીં, ડાઘ કેમ કાઢવો તે વિચારોજીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. હવે આ વિયોગ ક્યારે થયો,કેમ થયો, કોણે કર્યો તેની પંચાત કરવાની જરૂર નથી. તેનાથી કોઈ લાભ નથી

જેમ ધોતિયાને ડાઘો પડ્યો હોય તો તે ક્યારે પડ્યો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. ડહાપણ એમાં છે કે ડાઘ કેમ દૂર કરવો તે વિચારવું. તેમ જીવે વિયોગની ફિલસૂફીમાં ન પડતાં, ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરવો તે જ ઈષ્ટ છે.ભાગ્યશાળી કોણ? જે નિર્ભય છે

જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી?ભાગ્ય શાળી તે કે જેને મૃત્યુનો ભય નથી.

મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ.જેમ વેપારીને ચોપડા ચોખ્ખા હોય તો તેને ઓડિટરનો ડર ન લાગે, તેમ જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે. બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંત કાળથી કરેલા પાપોની યાદથી બીક લાગે છે. મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી.પણ ઉપાય છે. કાળના પણ કાળ ભગવાન છે. ભગવાન જીવને અપનાવી લે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી. જેને શેઠનો આશરો મળ્યો હોય તેને નોકર શું કરી શકે? તેથી કાળથી બચવું હોય તો કાળના શેઠ શ્રીકૃષ્ણને પકડી લો.

જીવ અને ઈશ્વર બંને એક સાથે જ બેઠા છે, એક જ હૃદયમાં. છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી. કારણ જીવ બહિર્મુખ છે. બહારની દુનિયામાં ભટકે છે. જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો અંદર બેઠેલા અંતર્યામીને ઓળખી શકે છે.લોખંડની દાબડી અને ચીંથરામાં બંધાયેલો પારસમણિ.આ વાત સમજાવવા માટે એક સુંદર દ્રષ્ટાંત છે.ગંગાકિનારે રહેતા એક સંત મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિને અડતાં જ લોખંડ સોનું થઈ જાય. એક માણસને ખબર પડી, તે પારસમણિ મેળવવા સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ. સંત ગયા.

પેલાનું મન તલપાપડ થવા લાગ્યું. સંતની ગેરહાજરીમાં તેણે આખી ઝૂંપડી ફેંદી નાખી, પણ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પાછા આવ્યા. તેમણે પૂછ્યું,આટલી ધીરજ ન રાખી શક્યો?

સંતે કહ્યું,પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે. પેલા માણસે કહ્યું, જો દાબડીમાં પારસ મણિ હોય તો આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે હસીને કહ્યું,ભાઈ જોને,પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે. તેથી પારસમણિ અને લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય?

આપણી જ દશા છે. જીવાત્મા એ લોખંડની દાબડી છે. પરમાત્મા એ પારસમણિ છે. બંને એક જ હૃદયરૂપી ઝૂંપડીમાં છે, પણ વચ્ચે અહંતા-મમતારૂપી ચીંથરું છે. વાસનાનું આવરણ છે. તેને લઈને મિલન થતું નથી. ઈશ્વરનો સ્પર્શ થઈ શકતો નથી. આ ચીંથરું દૂર કરવાનું છે.

અનેક વખત સાધકને સાધન કરતાં કાંઈ સિદ્ધિ ન મળે, તો તેને સાધન પ્રત્યે ઉપેક્ષા જાગે છે.અહીં સમજવું જોઈએ જીવ એ સાધક છેસેવા-સ્મરણ એ સાધન છે, અને શ્રીકૃષ્ણ એ સાધ્ય છે. ચીંથરું હોવાથી સ્પર્શ નથી થતો, સાધન ખોટું નથી.

ભક્તિ સહેલી પણ છે, અઘરી પણ છે ઘાટ સાથે બંધાયેલી નાવ લોકો સમજે છે કે ભક્તિમાર્ગ તદ્દન સહેલો છે.હા,સહેલો છે, ને અઘરો પણ છે.સવારમાં ભગવાનની પૂજા માં બેસવું સહેલું છે,પણ ઈશ્વર ને આખો દિવસ માટે ભૂલી જવો એ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભક્તિ.એ અઘરું છે.

ભક્તિમાં આનંદ છે, પણ મનુષ્ય શરીરથી ભક્તિ કરે છે,મનથીભક્તિ કરતો નથી.વાણી ભગવાનના નામ નો ઉચ્ચાર કરે, પણ મન ભગવાનનું સ્મરણ ન કરે તો તેનો કાંઈ અર્થ નથી. મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં. સેવામાં ક્રિયા મુખ્ય નથી, ભાવ મુખ્ય છે. સેવા ક્રિયામાં નથી, ભાવનામાં છે. સર્વ વિષયને મનમાંથી હટાવો તો જ સેવામાં આનંદ આવશે.

સેવા કરવા બેસો ત્યારે પ્રથમ એવી જ ભાવના કરો કે, સેવા કરવા છતાં પણ ભગવાનના દર્શન ન થાય તો આપણો જ દોષ છે. અને સેવા કરી રહ્યા પછી એવી ભાવના થવી જોઈએ કે મારું દુઃખ ગયું, મારું પાપ ગયું, મારું દરિદ્ર ગયું, હું કૃતાર્થ થયો. સેવા કર્યા પછી આ ભાવ ન થાય તો સેવામાં આનંદ મળતો નથી.

પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે, તો વિષયનો પ્રેમ છોડવો પડશે. જગતનો સંબંધ મનથી ન છોડો ત્યાં સુધી બ્રહ્મસંબંધ થતો નથી.

ધીરે ધીરે સંસારના વિષયોનો મોહ છોડી દો. સંસારને છોડીને ક્યાં જશો? સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરૂર છે. ધીરે ધીરે સંયમને વધારો, વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવામાં, ધ્યાનમાં અનેરો આનંદ આવશે.

આ માટે બીજું દ્રષ્ટાંત - એક વખત એક ચોબાજી મથુરાથી ગોકુળ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડી વાટે જવાનું હતું. ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસાં મારવા લાગ્યા. બાહુબળ ઉપર પૂર્ણ વિશ્વાસ. બોલવા લાગ્યા, નાવ અભી પહુંચ જાયેગી, અભી ગોકુળ આ જાયેગા!

ચોબાજીએ આખી રાત નાવ ચલાવી. સવાર પડ્યું. ચોબાજી વિચારવા લાગ્યા, આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું? કોઈને પૂછ્યું, આ કયું ગામ? ઉત્તર મળ્યો, મથુરા. નશો ઉતર્યો ત્યારે ચોબાજીને પોતાની મૂર્ખતા સમજાઈ. નાવ દોરીથી ઘાટ સાથે બંધાયેલી હતી. નશાની અસરમાં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા. આખી રાત નાવ ચલાવી, પણ હતા ત્યાંના ત્યાં!આ કથા માત્ર ચોબાજીની નથી, આપણા સૌની છે. ઈન્દ્રિયસુખનો નશો દરેકને ચડેલો છે. પૈસાના નશામાં, વિષયના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે. નશામાં ને નશામાં ઠાકોરજીના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી, તેથી ભગવાનના દર્શનમાં આનંદ આવતો નથી. આ વાસનારૂપી દોરીથી વિષયોમાં બંધાયેલી ઈન્દ્રિયોને છોડાવવાની છે. વાસનાની દોરી ન છોડો ત્યાં સુધી આગળ વધાતું નથી.

અદ્વૈતની પરાકાષ્ઠા હું યે લાલ થઈ ગઈ હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે.ઉત્તમ માં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ.

વૈરાગ્ય વગરની ભક્તિ રડે છે, ભોગ ભક્તિમાં બાધક છે. સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ જ આનંદ આવશે. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે, તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય.

જ્ઞાનમાર્ગમાં ઇન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઇચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. આમ ઇન્દ્રિયોને પણ પ્રસાદી બનાવો.

બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી કલ્યાણ થાય છે. જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે, વ્યવહારનું છે.

આભાર - નિહારીકા રવિયા વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પણ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. ઉત્તમ માં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે, ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું. એમ પણ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવાપણું રહેતું નથી. જ્ઞાનની ભાષા ત્યાં પૂરી થાય છે.

ગોપી આ અવસ્થાએ પહોંચી હતી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવભાવ ભૂલી ગઈ હતી. ગોપી કહે છે -લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.જોવા ગઈ હતી કૃષ્ણને, પણ જોતાં જોતાં હું જ કૃષ્ણમય થઈ ગઈ. આ જ પ્રેમની પરિપૂર્ણતા છે, આ જ અદ્વૈત છે. અંશ અંશીમાં મળી ગયો, દાબડી સોનું થઈ ગઈ,બંધાયેલી નાવ મુક્ત થઈને સામે કાંઠે પહોંચી ગઈ.અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા તા ઓગડ જિ.સાબરકાંઠા

શ્રાદ્ધ પક્ષે માતા સીતાએ કરેલું પિંડદાનઃ સુરત સાથેનો નાતો! (સંત સુરા)

પિતૃપક્ષ એટલે શ્રદ્ધાનો પક્ષ. જ્યારે દીકરો પિતાને પિંડદાન કરે ત્યારે પિતાની આત્માને મોક્ષ મળે તેવી માન્યતા છે. પણ શું દીકરી કે વહુ પિંડદાન કરી શકે? હા, કરી શકે, અને તેનું સૌથી મોટું ઉદાહરણ સીતા માતા છે.

સુરત સાથે આ કથાનો સીધો નાતો છે. એવું કહેવાય છે કે કતારગામ પાસે આવેલા ભરતેશ્વર મહાદેવ મંદિરમાં ભરતે પિતા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. ભરતેશ્વર મહાદેવ ત્રેતાયુગના છે. તાપી કિનારે આજે પણ લોકો પિંડદાન કરવા આવે છે. પણ મૂળ કથા ગયાજીની છે, જે વાલ્મીકિ રામાયણ અને ગયા માહાત્મ્યમાં આવે છે.

રાજા દશરથના મૃત્યુ પછી ભરત અને શત્રુઘ્ને અયોધ્યામાં વિધિ તો કરી, પણ દશરથનો જીવ રામમાં હતો. રામ વનવાસમાં હતા. વનવાસ દરમિયાન એક વાર રામ, લક્ષ્મણ અને સીતા પિતૃપક્ષમાં ગયાજી પહોંચ્યા. ગયાજી એટલે મોક્ષની ભૂમિ. અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓને સીધો મોક્ષ મળે છે.

ગયામાં પહોંચીને રામ અને લક્ષ્મણે સીતાને ફાલ્ગુ નદી કિનારે બેસાડ્યા અને પોતે શ્રાદ્ધની સામગ્રી - કુશ, જવ, તલ, મધ લેવા નગરમાં ગયા. બપોર થવા આવી. શ્રાદ્ધનું મુહૂર્ત વીતી રહ્યું હતું. એવામાં ફાલ્ગુ નદીના કાંઠે સીતાજી એકલા બેઠા હતા ત્યાં તેમને એક અવાજ સંભળાયો.

રેતીમાંથી રાજા દશરથની આત્મા પ્રગટ થઈ. દશરથે કહ્યું - "વહુ બેટા, મારી પાસે સમય નથી, સૂર્ય માથે આવી ગયો છે. રામ આવે ત્યાં સુધીમાં મુહૂર્ત વીતી જશે. તું જ મારું પિંડદાન કરી દે."

સીતાજી મૂંઝાયા. સ્ત્રી પિંડદાન કેવી રીતે કરે? પણ સાસરાની આજ્ઞા એટલે ધર્મ. સીતાએ તરત જ ફાલ્ગુ નદીની રેતીના ત્રણ પિંડ બનાવ્યા. ત્યાં હાજર પાંચને સાક્ષી બનાવ્યા - ફાલ્ગુ નદી, એક ગાય, તુલસીનો છોડ, અક્ષય વટવૃક્ષ અને એક સ્થાનિક બ્રાહ્મણ. સીતાએ મંત્રો સાથે પિંડદાન કર્યું. દશરથની આત્માએ પિંડ સ્વીકાર્યા અને સીતાને આશીર્વાદ આપી મોક્ષ પામ્યા.

થોડી વારમાં રામ-લક્ષ્મણ સામગ્રી લઈને આવ્યા. સીતાએ બધી વાત કરી. પણ રામને વિશ્વાસ ન આવ્યો. તેમને થયું કે સીતા કદાચ ભ્રમમાં છે. રામે કહ્યું - "જો તેં પિંડદાન કર્યું હોય તો તારા સાક્ષીઓને બોલાવ."

સીતાએ પાંચે સાક્ષીઓને બોલાવ્યા. પણ રામના ક્રોધ અને તેજથી ડરીને ચાર સાક્ષીઓ ફરી ગયા. ફાલ્ગુ નદી બોલી - "મેં કંઈ જોયું નથી." ગાય બોલી - "મને ખબર નથી." તુલસી બોલી - "મેં કંઈ જોયું નથી." બ્રાહ્મણ લોભમાં જૂઠું બોલ્યો - "કંઈ થયું જ નથી."

માત્ર અક્ષય વટવૃક્ષ સત્ય પર રહ્યો. તેણે કહ્યું - "હા, મેં જોયું છે. સીતા માતાએ જ દશરથનું પિંડદાન કર્યું છે અને મેં તેમની આત્માને પિંડ લેતા જોઈ છે."આ સાંભળીને સીતાજીને ભારે ક્રોધ આવ્યો. સ્ત્રીના સત્યને નકારનારને સજા મળવી જોઈએ. સીતામાતાએ તરત જ શ્રાપ આપ્યા.

૧. ફાલ્ગુ નદીને શ્રાપઃ "તું અહીં ગયામાં ઉપરથી વહેતી બંધ થઈ જઈશ. તારું પાણી ધરતીની અંદર અંતઃસલિલા વહેશે." આજે પણ ફાલ્ગુ નદી ગયામાં ઉપર સુકી દેખાય છે, અંદર પાણી વહે છે.

૨. ગાયને શ્રાપઃ "તું ગમે ત્યાં મોં મારીશ. તારું મોં અપવિત્ર ગણાશે. તારી પૂજા માત્ર પૂંછડા અને પાછળના ભાગની થશે." એટલે જ ગાયની પૂજા પાછળથી થાય છે.

૩. તુલસીને શ્રાપઃ "તને ગયા ક્ષેત્રમાં કોઈ નહીં પૂજે, તું ગયામાં અપ્રિય રહીશ."

૪. બ્રાહ્મણને શ્રાપઃ "તને ક્યારેય ધરવ નહીં થાય. તું ગયાનો બ્રાહ્મણ કહેવાઈશ, તું લોભી રહીશ. તને ગમે તેટલું દાન મળશે તોય તારી ભૂખ નહીં મટે."

અને સત્ય બોલનારા અક્ષય વટને વરદાન આપ્યું - "તું અક્ષય રહીશ, અમર રહીશ. ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેની ક્રિયા તારી પૂજા વગર અધૂરી રહેશે."

આ કથાનો સાર એ છે કે પિંડદાન દીકરો જ કરે એવું જરૂરી નથી. ભાવ સાચો હોય તો વહુ પણ પિતાને મોક્ષ અપાવી શકે છે. સુરતના ભરતેશ્વર મહાદેવથી લઈને ગયાના અક્ષય વટ સુધી આ જ ભાવની પરંપરા આજે પણ જીવંત છે! જય સીયારામ!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ગુજરાતના આંગણે ગૌરવનો સૂર્યોદયઃ અમદાવાદના તેજસ્વી સુપુત્ર કુલદીપ વોરાની દેશના સંરક્ષણ ક્ષેત્રે અકલ્પનીય સિદ્ધિ; DRDO ને સાધનો પૂરા પાડી રચ્યો ઇતિહાસ

આકાશની સીમાઓને આંબવાના દ્રઢ સંકલ્પ અને અથાક પરિશ્રમ થકી જ્યારે સફળતાના શિખરો સર થાય છે, ત્યારે સમગ્ર માતૃભૂમિ ગૌરવથી ઝૂમી ઉઠે છે. વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર, પાટણના મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ વોરાના સુપુત્ર અને 'વોરિયન સાયન્ટિફિક પ્રાઇવેટ લિમિટેડ'ના ફાઉન્ડર ડિરેક્ટર તથા સી.ઈ.ઓ. કુલદીપ વોરાએ ભારતના સંરક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે એક અદ્ભુત અને સુવર્ણ અધ્યાય આલેખીને સમગ્ર ગુજરાત રાજ્યનું નામ દેશભરમાં રોશન કર્યું છે.

?ભારત સરકારની પરમ આદરણીય અને અતિ પ્રતિષ્ઠિત સંરક્ષણ સંશોધન સંસ્થા ડ્રઈડ્ર (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન) તરફથી વોરિયન સાયન્ટિફિકને પ્રથમ ઐતિહાસિક ઓર્ડર પ્રાપ્ત થયો છે. આ અંતર્ગત ઉત્તર પ્રદેશના આગ્રા સ્થિત છડ્ઢઈડ્ઢઈ-ડ્રઈડ્ર લેબોરેટરી ખાતે તેમની સ્વદેશી ટેકનોલોજી અને સાધનોનું સફળતાપૂર્વક ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું છે.

?શ્રી અરુણકુમાર સાધુ (પૂર્વ ડિરેક્ટર, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ) એ આ તકે અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કેઃ

?×કુલદીપ વોરાની આ અકલ્પનીય અને અભૂતપૂર્વ સફળતા એ માત્ર એક પરિવાર કે સંસ્થાની નથી, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશના યુવાનો માટે પ્રેરણાનો અમર સ્ત્રોત છે. ભારતની અતિ સંવેદનશીલ અને સર્વોચ્ચ સંરક્ષણ સંસ્થા ડ્રઈડ્ર સાથે જોડાયીને સેવા આપવી એ વર્ષોની નિષ્ઠા, તપસ્યા અને તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભાનું મધુર ફળ છે. ગુજરાત ની પવિત્ર ધરતીના પુત્રે માતૃભૂમિનું ઋણ ચૂકવીને સંરક્ષણ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મજબૂત કદમ ઉઠાવ્યું છે.×

?આ ગૌરવવંતી ક્ષણે પોતાની હૃદયસ્પર્શી ભાવનાઓ વ્યક્ત કરતા કુલદીપ વોરાએ જણાવ્યું હતું કેઃ

?×એક ઉદ્યોગસાહસિક માટે વ્યાપારિક ઓર્ડર એ કેવળ નાણાકીય વ્યવહાર નથી, પરંતુ તે અખંડ વિશ્વાસ, ગુરુત્તર જવાબદારી અને વર્ષોની પરિશ્રમયાત્રાની સ્વીકૃતિ છે. દેશની સીમાઓ રક્ષતી સર્વોચ્ચ સંસ્થાને ટેકનોલોજી પૂરી પાડવી એ અમારી સમગ્ર ટીમ માટે રોમાંચ અને ગૌરવની ક્ષણ છે. એડવાન્સ્ડ એસ્ટ્રોનોમી અને સાયન્ટિફિક ટેકનોલોજીને ભારતમાં સહજ અને સુલભ બનાવવાનો જે સંકલ્પ અમે સેવ્યો હતો, તે આજે દેશની સંરક્ષણ શક્તિઓને સમર્થ બનાવવાની ક્ષમતામાં પરિવર્તિત થઈ રહ્યો છે.



ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનશ્રી ધર્મિષ્ઠાબેન ગજજરની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેકટરશ્રી એન. ડી. પરમારની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ

સુરત, કતારગામ ડભોલી રોડ પર આવેલા અક્ષર પાઉભાજી ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે ૦૩/૧૦/૨૦૨૬ ને શનીવાર ના રોજ કરલા ગામ નુ પ્રથમ સખી સ્નેહમિલન આયોજન કરવા માં આવ્યુ હતુ. આ આયોજન માં કરલા ગામ ની બહેન દિકરીઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ની શોભા વધારી હતી.

કાર્યક્રમ દરમિયાન સખીઓ માટે વિવિધ મનોરંજન બાળપણ ની રમતો, પરિચય સહિત ની પ્રવૃતિઓનું આયોજન કરવા માં આવ્યુ હતુ. આ આયોજન માં સખીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ હાસ્ય આનંદ અને સ્નેહભરી પળો માણી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સખીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ નુ એન્કરરિંગ અને સ્ટેજ સંચાલન શ્રી મિરલબેન. એ ધામેલીયા દ્વારા કરવા માં આવ્યુ હતુ અને આ સખી સ્નેહમિલન ને પોતા ના આ સુંદર સંચાલન થી ચાર ચાંદ લગાવી દિધા હતા. આ સમગ્ર આયોજન ને સફળ બનાવવા માટે દાતા શ્રી, મુખ્ય આયોજક કમીટી, આયોજક કમીટી, વ્યવસ્થા કમીટી તેમજ સહયોગી સખીઓએ અથાગ મહેનત,અને સમય અને સહયોગ આપ્યો હતો. આ પ્રથમ સખી સ્નેહમિલન દ્વારા કરલાગામ ની બહેન દિકરીઓ વચ્ચે સ્નેહ લાગણી અને એકતા નો એક સુંદર સંદેશા પ્રસયો હતો. આ સખી સ્નેહમિલન ને અંતે આ કાર્યક્રમ ને સફળ અને યાદગાર બનાવવા બદલ મુખ્ય આયોજક કમીટી, આયોજક કમીટી, વ્યવસ્થા કમીટી ના સભ્યો એ દાતા શ્રી ઓનો અને કરલા ગામ ની બહેન- દિકરી ઓ નો દિલ થી આભાર વ્યક્ત કર્યૅ હતો.

ચેરમેનશ્રી ધર્મિષ્ઠાબેન ગજજરની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેકટરશ્રી એન. ડી. પરમારની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ

ડાંગ આહવા : તા : ૫: બાળ સુરક્ષા અને અધિકારોના સુદ્રઢીકરણ માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજજરની અધ્યક્ષતામાં આયોગના સચિવ શ્રી ડી.ડી.કાપડીયા, સભ્ય સર્વે શ્રી અમૃતાબેન અખિયાં, શ્રી કમલેશભાઈ રાઠોડ અને ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન. ડી. પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં આહવા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં આયોગના ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજજરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં દરેક બાળક 'સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત' બને તે દિશામાં કાર્યો થઈ રહ્યા છે. બાળકોના ઘડતરમાં આંગણવાડીઓની ભૂમિકા મહત્વની છે. જેમાં બાળકોની ૧૦૦% હાજરી અને સંપૂર્ણ પોષણ સુનિશ્ચિત કરવું જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દીકરીઓ આત્મનિર્ભર, સક્ષમ અને માનસિક રીતે મજબૂત બને તેવા પ્રયાસો થવા જોઈએ, જેથી તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિનો નીડરતાથી સામનો કરી શકે.બેઠકને સંબોધતા આયોગના સચિવ શ્રી ડી.ડી. કાપડીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓને બાળમજૂરી મુક્ત, બાળલગ્ન મુક્ત અને ચાઈલ્ડ ફ્રેન્ડલી ગવર્નન્સ તરફ



લઈ જવાનો સરકારનો નિર્ધાર છે. તેમણે ઉમેર્યું કે, તમામ નાગરિકોએ પોતાની ભૂમિકા સમજીને બાળકો માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું જોઈએ.ડાંગ જિલ્લાની પરિસ્થિતિને ધ્યાને રાખી શાળાઓમાં ભૌતિક સુવિધાઓમા વધારો કરી સીઝનલ હોસ્ટેલમા બાળકો માટે જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવાં, સાથે સ્થળાંતર થતાં વાલીઓનું કાઉન્સેલિંગ કરી બાળકો પ્રત્યે સજાગતા રાખવા જ



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO - 191
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક :પ્રેમ અને મર્યાદા
પ્રકાર-ગદ્ય શબ્દો:૧૭૦

પ્રેમ પવિત્ર લાગણી છે.પ્રેમમાં લાગણી છે,સમર્પણ છે,વિશ્વાસ છે અને એકબીજા પ્રત્યેનું માન છે. પરંતુ જ્યાં પ્રેમ સાથે મર્યાદા, સંયમ અને સંસ્કાર જોડાય છે, ત્યાં એ પ્રેમ માત્ર વ્યક્તિગત લાગણી ન રહેતાં સમાજ માટે પણ સુંદર ઉદાહરણ બને છે.
આજના સમયમાં સ્વતંત્રતાનો અર્થ ઘણી વખત સ્વચ્છંદતા તરીકે સમજવામાં આવે છે. પોતાની લાગણીઓ વ્યક્ત કરવાનો અધિકાર સૌને છે, પરંતુ દરેક અધિકારની સાથે જવાબદારી પણ જોડાયેલી હોય છે. સ્વતંત્રતા ત્યારે જ સુંદર લાગે છે, જ્યારે તેની સાથે સંયમ હોય.
આપણી સંસ્કૃતિએ લાજ, શરમ અને સંસ્કારને સ્ત્રી-પુરુષ બંનેના જીવનના આભૂષણ ગણાવ્યા છે. તેનો અર્થ પ્રેમને દબાવવાનો કે લાગણીઓને અપરાધ ગણવાનો નથી. પ્રેમમાં કોઈ અપરાધ નથી; પરંતુ પ્રેમની અભિવ્યક્તિમાં સ્થળ, સમય, સંબંધો અને આસપાસની પરિસ્થિતિનું ભાન રાખવું એ સંસ્કાર છે.
ખાસ કરીને વડીલોની હાજરીમાં વર્તન કરતી વખતે મર્યાદાનું જતન કરવું એ તેમના પ્રત્યેના આદરનું પ્રતીક છે. પ્રેમ દેખાડો નહીં, પ્રેમ જીવો; કારણ કે સાચા પ્રેમને બેફામ પ્રદર્શનની જરૂર પડતી નથી.
આપણે ભૂલવું ન જોઈએ કે આજનું આપણું વર્તન આવતી પેઢી માટે એક સંદેશ બની રહ્યું છે. બાળકો અને યુવાનો માત્ર પુસ્તકોમાંથી સંસ્કાર શીખતા નથી; તેઓ સમાજના વર્તનમાંથી પણ શીખે છે. આપણે જે વાવીએ છીએ, આવતી પેઢી એ જ વિચારધારાનું ફળ મેળવશે.
પ્રેમને પવિત્ર રાખવો હોય તો તેમાં વિશ્વાસ સાથે વિવેક, સ્વતંત્રતા સાથે જવાબદારી અને લાગણી સાથે મર્યાદા જરૂરી છે. મર્યાદા પ્રેમની દીવાલ નથી, પરંતુ પ્રેમની સુંદર સરહદ છે.
વડીલોનું માન, સંબંધોની મર્યાદા અને સંસ્કારોનું જતન.આ ત્રણેય સાથે હોય ત્યારે પ્રેમ સમાજનું ગૌરવ બને છે.
આથી પ્રેમને અપરાધ ન ગણીએ, પરંતુ પ્રેમના નામે મર્યાદા ભૂલાય નહીં તેની કાળજી રાખીએ. કારણ કે મર્યાદાયુક્ત પ્રેમ જ સંબંધોને ગૌરવ આપે છે અને સંસ્કારસભર સમાજને સુંદર બનાવે છે.
અસ્તુ.
"સ્નેહિલ"સ્નેહલ વ્યાસઠાકર .
★★★★★★★
NOGSS /0044
વિષય :- મનગમતી રચના
પ્રકાર :ગદ્ય શબ્દો:૩૬૨
શીર્ષક :- ટેમ્પો

લતાનાં મહેશ સાથે પ્રેમ લગ્ન.બંનેનાં ઘરનાં આ લગ્ન માટે રાજી ન હોવાથી,મિત્રોની મદદથી ભાગીને લગ્ન કર્યાં હતાં.મહેશ, લતાને તકલીફ ન પડે એનું ધ્યાન રાખતો.
મહેશનો પોતાનો ટેમ્પો.સાલસ અને મહેનતું સ્વભાવને કારણે સારું એવું ભાડું મળી રહેતું.લતા પણ સિલાઈ કામ કરી થોડી કમાણી કરી લેતી.
લતા એકલી કંટાળે એટલે સાંજે મહેશ લતાને ટેમ્પોમાં ફરવા લઈ જાય.સંતોષી લતા પણ જાણે રોલ્સરોય ફેન્ટમ કારમાં બેઠી હોય એવાં ઠાઠથી મહેશની બાજુમાં બેસે!

એક દિવસ લતાએ કહ્યું," મારે ટેમ્પો ચલાવતાં શીખવું છે.ન કરે નારાયણ ને તમને કોઈ દિવસ કંઈ તકલીફ થાય તો ભાડું જતું કરવું ન પડે."

મહેશની લાખ ના છતાં લતા ટેમ્પો ચલાવતાં શીખી, લાઈસન્સ મેળવીને જ રહી. કોઈ દિવસ મહેશને બાજુમાં બેસાડી લતા ટેમ્પો ચલાવતી! મહેશ જોઈને રાજી થતો કહેતો,"વાહ, તું તો મારા કરતાં પણ સરસ ચલાવે છે."

લગ્નનાં ચાર વર્ષ પછી લતા ગર્ભવતી બની.પૂરા માસે સુંદર પરી જેવી દીકરી જન્મી,નામ રાખ્યું 'પરી'.

હવે તો પરીને લઈને સહેલ કરવા જતાં. દીકરી મોટી થઈ.શાળાએ જતી દીકરીને કોઈ તકલીફ ન પડે એટલે મહેશ ટેમ્પો લઈને મૂકવા જતો,લતા લેવા જતી.

એક રવિવારે ત્રણે જણા એંધલની ટેકરી પર ચામુંડામાનાં દર્શન કરવા ગયાં.પરીને ખૂબ જ મજા આવી.પરીની ખુશી જોઈ માવતર ખુશ.પરીએ તો કહી દીધું," મારી પરીક્ષા પૂરી થાય એટલે પાછાં આવીશું." પિતાએ વચન આપ્યું," જરૂર તે દિવસે બપોર પછી કોઈ ભાડું નહીં કરું આપણે જરૂર આવીશું." બસ આટલું કહી પરીની ઈચ્છા મુજબ બહાર પાંવભાજી ખાઈને ઘરે આવ્યાં.

કુદરતને પરિવારની ખુશી મંજૂર ન હોય એમ રાત્રે સૂતેલો મહેશ સવારે ઊઠ્યો જ નહીં.ઉઠાડવા આવેલી લતા મહેશ ન ઉઠતાં ચીસ પાડી ઉઠી.

લતાની ચીસથી ગભરાયેલી પરી બાજુમાંથી રમાબેનને બોલાવી લાવી.રમાબેન તો જોઈને અવાક! કળ વળતાં બધાંને બોલાવી અંતિમ વિધીની તૈયારી કરી.

લતાએ સ્વસ્થ થઈ કહ્યું," અગ્નિદાહ હું જ આપીશ પરીને સાથે રાખીને.તમે જ મારાં સગાં છો." આમ લતાએ તમામ વિધી પૂર્ણ કરી.

પંદર દિવસ બાદ ટેમ્પો લઈને નીકળી, ટેમ્પો સ્ટેન્ડ પર ટેમ્પો ઉભો રાખ્યો.લોકો જોતાં જ રહ્યાં.સ્થળ પર? ટેમ્પો ઉભો રાખવામાં, ભાડું મેળવવામાં શરૂઆતમાં તકલીફ પડી,પણ ડરે એ બીજા.એણે મહેશને કામ આપનારને મળી પોતાને કામ આપવા વિનંતી કરતાં કામ મળવા માંડ્યું.એની હિંમત જોઈ બધાંએ સહકાર આપવા માંડ્યો.

ભાડું ન હોય ત્યારે સિલાઈ કામ કરતી.દીકરીને શાળાએથી લાવી જમવાનું પતાવી સાથે જ રાખે.તકલીફોને ગણકાર્યા વિના પરીને મોટી કરી ભણાવી.

પરી ભણવામાં હોશિયાર.સી.એ.કર્યું.સારા પગારની નોકરી મળી.માતાને તકલીફ મુક્ત કરી આરામની જિંદગી આપી.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા?.
★★★★★★★
NOG SS NO : 407
વિષય: સર્જક ની મનગમતી રચના
શીર્ષક: સાચી સંપત્તિ
પ્રકાર: પદ્ય
શબ્દો: ૧૦૧

ભેગું કરવા ની મથામણ માં માણસ ની જિંદગી પૂરી થઈ ગઈ
ભેગું કરેલું બધું છૂટી ગયું અને એની ઈચ્છા ઓ અધૂરી રહી ગઈ

ભેગું કરી લીધું બધું પણ પરિવાર સાથે સમય ના વિતાવી શક્યો,
ધન દોલત પામી લીધી પણ છેલ્લે પોતે પોતાના ઓ ના પ્રેમ થી છૂટ્યો

આપજો સમય થોડો પરિવાર ને અને પરિવાર સાથે રહી મળી જશે મન ને શાંત રહેવા ની સંમતિ,
છેલ્લી ઘડી એ બાજુમાં હશે ખાલી આપડા ત્યાં નઈ ઉભી રે સંપતિ કેમ કે પરિવાર જ છે આપડી સાચી સંપત્તિ.
દિવ્યરાજસિંહવાળા લીલવણ.
★★★★★★★
NOG SS NO : 003
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષક : સત્ય અને કર્મનો સમય
પ્રકાર :ગદ્ય શબ્દો:૨૩૪

સત્યને ક્યારેય ઉતાવળ હોતી નથી. તેને પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે કોઈની સામે દલીલો કરવાની જરૂર પડતી નથી. સત્ય શાંત રહે છે, સમયને સાક્ષી બનાવે છે અને પછી એક દિવસ એવી રીતે સામે આવે છે કે વર્ષોથી ઊભું કરેલું અસત્યનું આખું આવરણ ક્ષણભરમાં નિરર્થક બની જાય છે.

માણસ ઘણી વાર પોતાના શબ્દોથી પોતાનું ચરિત્ર છુપાવી શકે છે, પરંતુ પોતાના કર્મોથી ક્યારેય છૂટી શકતો નથી. શબ્દો તો પવનની જેમ વહી જાય છે, પરંતુ કર્મો જીવનના માર્ગ પર પગલાં બનીને રહી જાય છે. આપણે કોઈની સાથે જે કરીએ છીએ, જે ભાવથી કરીએ છીએ અને જે રીતે કરીએ છીએ,એ બધું ક્યાંક ને ક્યાંક જીવનના કોઈ વળાંકે આપણી સામે આવીને ઊભું રહે છે.

ક્યારેક સત્યનો માર્ગ કઠિન લાગે છે. ખોટું બોલનારને તાત્કાલિક સફળતા મળતી દેખાય અને સત્યનિષ્ઠ માણસને રાહ જોવી પડે. પરંતુ સમયની ગતિ ખૂબ નિષ્પક્ષ છે. તે ન કોઈનો પક્ષ લે છે, ન કોઈનો વિરોધ. તે માત્ર પડદા હટાવે છે.

જીવનમાં સૌથી મોટું સૌભાગ્ય એ નથી કે દુનિયા આપણને સારો માણસ માને; સાચું સૌભાગ્ય તો એ છે કે રાત્રે પોતાની અંતરાત્માની સામે ઊભા રહીએ ત્યારે નજર ઝૂકાવવી ન પડે.
સત્ય કદાચ મોડું ચાલે, પરંતુ ખોટા રસ્તે ભટકતું નથી. સારા કર્મ કદાચ તરત ફળ ન આપે, પરંતુ ક્યારેય વ્યર્થ જતા નથી. કારણ કે સમય બધું ભૂલતો નથી, તે માત્ર યોગ્ય ક્ષણની રાહ જુએ છે.

અને જ્યારે એ ક્ષણ આવે છે, ત્યારે માણસને સમજાય છે કે સત્યની શાંતિ અને સારા કર્મોની સુગંધથી મોટું કોઈ
આભાર - નિહારીકા રવિયા પરિચય નથી.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★
NOG SS 223
વિષય : મનગમતી રચના
શીષક : લે. મોકલું તને
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૧૪૦

બચપણની મહામૂલી યે યાદો આ વાદળ સાથે મોકલું તને,
ખેતર વાડી ગામ ચોરો અને સરિતા વહેતી મોકલું તને.

આ દોડતા વાદળો સાથે પતંગિયા જેવી ક્ષણો મોકલું તને,
ભીની માટીની સુંગંધ મોરના ટહુકાસંગ ગીતો મોકલું તને.

આ ફોરાં જળબિંદુઓ તૃણપરના મોતી જ મારી કવિતા મોકલું તને,
સવાર અને સાંજ જ નહિ તારે મઢેલી રાત યાદરૂપે મોકલું તને.

સહરાના રણ જેવા સંસારે રણદ્રિપ જેવી પ્રેમની ક્ષણો મોકલું તને,
આ કર્મસંયોગે ઋણાનુંબંધે મળ્યા એ આનંદ મોકલું તને.

આ ધખતી ધરા અને તપ્તા સૂરજે એક વ્હાલની વાદળી મોકલું તને,
જીવનની યાત્રા ઉર્ધ્વગમન અને એક અહેસાસ મોકલું તને.

હું હવે હું નથી અને તું પણ ક્યાં તું છો જે છે તે મોકલું તને,
નામરૂપ દ્વૈત ખરી પડ્યા પછીની અદ્વૈત શાશ્વતી મોકલું તને.

- દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)
★★★★★★★
NOG SS No. 185.
વિષયઃ- મનગમતી રચના
શીર્ષકઃ- વેરાન આખો બાગ
પ્રકારઃકાવ્યશબ્દઃ૧૩૨

મારી આંખો મહીં ઉદાસીની છાયાએ વેરાન આખો બાગ,
શું બતાવું પ્રિયે તને! મન મહીં આગે વિનાશે આખો બાગ,

ગુલાબી ગાલે હોઠથી તમે હરખાશો ના કિસ્મતના ખેલ છે,
દિલના તરંગો બળીને તણખો ઉડયો એનો પડેલો ડાઘ છે,

તમારી યાદનું વાદળ દિલ પર છવાયું દુનિયા સુની લાગે છે,
અમારા નયનથી ચોમાસુ રોજ વરસ્યું ને જિંદગી ચાલે છે,

તમે તો ફૂલ છો, કાંટા અમને મળ્યા વ્યથાની ચિનગારીએ,
તમે હસીને જાઓ છો ત્યાં અમે બળીને રાખ થયા છીએ,

ન મળ્યું આલિંગન કે ન મળી મુલાકાત પ્રિયે દિલ કરે વાત,
મૌનથી બસ તસવીરથી જીવીએ છીએ અમે આખી રાત,

પ્રેમ એ તો ખુશ્બુનો દરિયો બને તે સ્પંદનોની વણજાર છે,
અરે, ઓ બેવફા, મને તો એ દરિયે ડૂબી જવાનો આરો છે,

આવો એક વાર ધબકતા દિલે આ વેરાન બાગને મહેકાવો,
'ઝરૂખો' બોલે બળતા દિલ પર પ્રેમનું પાણી તો છંટકાવો!!

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.
★★★★★★★
NOG SS NO : 408
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષક--" સંબંધો ની સુવાસ "
પ્રકાર :ગદ્ય શબ્દો:૩૨૫

જીવન માં સંબંધ નું મહત્ત્વ ખૂબ જ હોય છે. સંબંધ માં સુવાસ ની સાથે મીઠાસ હોવી બહુ જ જરૂરી છે.કોઈ પણ સંબંધ નો પાયો સાચી સમજણ ઉપર ટકેલો હોય છે.સંબંધ ના પાયા ને મજબૂત બનાવવા માટે સમજણ ની ધાર ને તેજ કટારી ની જેમ રાખવી જરૂરી થઈ જાય છે.
સંબંધ કદી સાધારણ હોતા નથી.દરેક સંબંધ ની ઉપયોગિતા અલગઅલગ હોય છે. અને આ
સંબંધ માં નિભાવવું એ ખૂબ જ અઘરુ છે, પણ જે નિભાવી જાણે છે તે જીંદગી ને જીવી જાણે છે. સંબંધ ના સરવાળા માં વાણી મોટો ભાગ ભજવે છે.ઓછું બોલવું ને સારુ ને સાચું બોલવું, ને ઘણીવાર જતું કરવા થી અને છોડી દેવા થી સંબંધ સચવાઈ જાય છે.
સંબંધ ના વટવૃક્ષ માં પ્રેમ રૂપી,લાગણી રૂપી,ને અપનાપન રૂપી ખાતર નાખી ને તેનું સિંચન કરવા થી સંબંધ નું વટવૃક્ષ ખિલી ઉઠે છે.
બંધન મુક્ત જીવન જીવવું એ સંબંધ ની આયુષ્ય ની રેખા ને નાની કરે છે.જેમ બંધ શ્વાસ ને ફરી થી જોડી ના શકાય તેમ તૂટેલા સંબંધ ના કાચ ને જોડવા પણ ખૂબ જ મુશ્કેલ બની શકે છે.
આજના પરિવેશ માં સંબંધ ને નવા આયામ સાથે જોડતી નવી પેઢી માં " મતલબ નિકલ ગયા હૈ તો પહેચાનતે નહીં " તેવા સંબંધો ને સ્થાન અપાય છે. વ્યકિત જેવી છે તેવી જ સ્વીકારતા સંબંધો ની સુવાસ ની ગરિમા જળવાઈ રહે છે. બંધન હોવા છતાં મુકિત નો અહેસાસ થાય, અધિકાર કરતાં સમર્પણ ની ભાવના હોય, નિકટતા નો ભરોસો હોય ત્યાં જ સંબંધો ની સુવાસ મહેકાવી શકાય છે.સંબંધ ના લાંબા આયુષ્ય માટે ગેરસમજણ, હરિફાઈ ની ભાવના , બીજા ને નીચા દેખાડી ને સંબંધ ને સાચવવા નો ડોળ ત્યજી ને આગળ વધવું જોઈએ.
આજ ના યુગ માં સંબધ માં સુવાસ ફેલાવવી અને જીવન માં મધુરતા લાવવી જરૂરી છે.શ્વાસ અને વિશ્વાસ ની ઉમ્ર ને લાંબી બનાવવી સંબંધો ના હિત માટે, સચ્ચાઈ ની દિવાલ ને મજબૂત બનાવી ને સંબંધ ની સુવાસ ને ફેલાવતા જવું જોઈએ.
કહે છે કે " સમય જોઈ ને સંબંધ ના સરનામા ના પૂછતા પણ , સાચા સંબંધ માં સમય નો સરવાળો જરૂર થી કરીને રાખજો.''
પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)
★★★★★★★
NOG SS NO : 404
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષક : માનવસેવા એ જ પ્રભુસેવા
પ્રકાર :ગદ્ય શબ્દો:૧૪૬

આપણો દેશ પ્રભુના આશીર્વાદથી ભરપૂર છે. અહીં કુદરતી વાતાવરણ, માનવપ્રેમ અને લાગણીની ઊંડી અનુભૂતિ જોવા મળે છે.
દેશમાં કેટલાક મોટા ઉદ્યોગપતિઓએ પોતાના જીવનની દિશા બદલીને માનવસેવાને જીવનનું ધ્યેય બનાવ્યું છે. મોટી હોસ્પિટલો દ્વારા કેટલાય લોકોને મફત સારવાર આપવામાં આવે છે. કોઈ પણ જાતના ખર્ચ વિના જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આવે છે.
ભારતભૂમિ પર વસતા ભારતવાસીઓ દુનિયાના બીજા લોકો કરતાં કંઈક અલગ જ માનવતા ધરાવે છે. અહીં માનવસેવા એ જ પ્રભુસેવા માનવામાં આવે છે.
ભારતની સંસ્કૃતિ, ધર્મ અને પરંપરા આપણને સેવા, સહાનુભૂતિ અને પરોપકારનો સંદેશ આપે છે. ભારતીય હોવાનો મને ખૂબ ગર્વ છે. અખંડ ભારત અને તેની મહાન સંસ્કૃતિ માટે હું હંમેશાં ગર્વ અનુભવું છું.
મારા દેશ માટે આવી માનવસેવાની ભાવના સતત વધતી રહે તેવી મારી હૃદયપૂર્વકની શુભેચ્છા.
જય હિન્દ જય ભારત
પારૂલ પટેલ.અમદાવાદ
★★★★★★★
NOG SS No : 110
વિષય- મનગમતી રચના
શીર્ષક- 'દીકરી મારી'
પ્રકાર-પદ્ય શબ્દ- ૧૫૬

દીકરી આટલી મોટી થઈ ગઈ, જોને ખબર જ ના પડી કંઈ
દીકરી કહેતાં થાક્યા નહીં, ત્યાં પોતે દીકરીની મા બની ગઈ

મારા પપ્પા મમ્મી કહેતી દીકરી, મારી દીકરી કહેતી થઈ ગઈ
બાઈક ઉપર વળગીને બેસતી દીકરી, કારમાં ફરતી થઈ ગઈ

પપ્પા પકડો મને, નહીં સાયકલને, દીકરી ફરરર કરી ઉડી ગઈ
બેટા કંઈ ખાધું કે નહીં પૂછતાં, દીકરી અમને પૂછતી થઈ ગઈ

ઊંઘમાંથી ઊઠી વ્હાલે વળગતી , દીકરી ખોળે લેતી થઈ ગઈ
મીઠી વઢે મમ્મીના પાલવે લપાતી, એ દીકરીને વઢતી થઈ ગઈ

દુનિયા આખી દીકરીની આસપાસ, ખાલીખમ જાણે થઈ ગઈ
આંખમાં સજાવેલ સપનાને, દીકરી દુનિયા સજાવતી થઈ ગઈ

માની દુનિયામાંથી વિદાય બાદ, મમતા ને લાગણી ખોવાઈ ગઈ
દીકરી જાણે કે અમારી મા બની, મમતાને ફરી જીવતી કરી ગઈ

ખાધું કે નહીં દવા લીધી કે નહીં, પૂછે દીકરી જાણે મા બની ગઈ
દીકરી આટલી મોટી થઈ ગઈ, દીકરી હર્ષે આંખ ભીંજવી ગઈ

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★★
NOG.S.S.NO.098
વિષય :-મનગમતી રચના
પ્રકાર :- ગદ્ય
શીર્ષકઃ- પિતૃ ઋણ
શબ્દ :- ૧૨૮

શ્રાદ્ધ પક્ષમાં આપણા પૂર્વજોના ઋણ કેવી રીતે ચૂકવવાય
આપણા શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના ઋણ નો ઉલ્લેખ છે દેવઋણ ,ઋષિ ઋણ અને પિતૃ ઋણ
દેવઋણ પૂજાપાઠથી ઋષિ ઋણ જ્ઞાનથી અને પિતૃ ઋણ માત્રને માત્ર એક જ રીતથી ચૂકવાય છે અને એ છે "વંશ અને સંસ્કારો ના સંરક્ષણ"

જ્યારે આપણે આપણા બાળકોને આપણી સંસ્કૃતિથી જોડાડીએ છીએ એમને સંવેદના શીખવાડીએ અને આ અહેસાસ કરાવીએ છીએ કે એ કઈ મહાન પરંપરા નો હિસ્સો છે ત્યારે અમે આપણા પિત્રોના કર્જ ચુકાવી રહ્યા હોય છે
આપણે આપણા બાળકોને માત્ર ભૌતિકવાદી મશીન બનાવી રહ્યા છીએ અને આપણને ભૂલી ચૂક્યા છીએ તો આપણે આપણા પિત્ર ઋણોને વધારી રહ્યા છીએ.
પિતૃ ઋણ ચૂકવવાનો માર્ગ નવી પીઢીને દિશા આપવી.
શ્રાદ્ધ નો અસલી ઉદેશ જ આ છે કે અતીત થી શીખીને આપણા વર્તમાનને સુધારીએ અને ભવિષ્યને સુરક્ષિત કરીએ.
??
લીના શર્મા
હાલોલ.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યકક્ષાના મંત્રીશ્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લાના શિનોલ ગામે ખેડૂત સંમેલન યોજાયું



'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શિનોલ ગામે આજે ખેડૂત સંમેલન યોજાયું હતું. રાજ્યના ગૃહ, પોલીસ હાઉસિંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કમલેશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સંમેલનમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મયુર પટેલ તથા મોડાસાના ધારાસભ્યશ્રી ભીખુસિંહ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલા આ ખેડૂત સંમેલનનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો સાથે સીધો સંવાદ સાધી તેમને પ્રાકૃતિક ખેતી, ખેડૂતલક્ષી યોજનાઓ તથા આધુનિક અને ટકાઉ ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાનો રહ્યો હતો.

પ્રાકૃતિક ખેતી : ટકાઉ ખેતી તરફનો મહત્વપૂર્ણ પ્રયાસ

સંમેલન દરમિયાન પ્રાકૃતિક ખેતીના મહત્વ, વિવિધ પદ્ધતિઓ, તેના ફાયદા તેમજ સરકાર દ્વારા ખેડૂતો માટે અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અને સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવવા, ખેતી ખર્ચમાં ઘટાડો કરવા, પર્યાવરણનું સંરક્ષણ કરવા તેમજ ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદન તરફ આગળ વધવા અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સફળ ખેડૂતોએ વહેંચી પોતાની સફળતાની ગાથા

સંમેલનની વિશેષતા તરીકે પ્રાકૃતિક ખેતી અપનાવી સફળતા મેળવનાર ખેડૂતોએ પોતાના અનુભવો અને સફળતાની ગાથા અન્ય ખેડૂતો સાથે વહેંચી હતી. પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી અપનાવવાથી થયેલા અનુભવો, ખેતી પદ્ધતિમાં આવેલા પરિવર્તન અને પ્રાપ્ત થયેલા લાભો અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોના પોતાના અનુભવો અને સફળતાની ગાથા દ્વારા અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરણા મળી હતી. આ પ્રકારના સંવાદથી પ્રાકૃતિક ખેતી અંગેની વ્યવહારુ સમજ વધુ સુદૃઢ બને અને તેનો વ્યાપ વધે તેવો સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો.

ખેડૂત કલ્યાણ સાથે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલ આ ખેડૂત સંમેલન દ્વારા ખેડૂતોને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા, પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા તેમજ ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખેડૂત અને સરકાર વચ્ચે સીધો સંવાદ, સફળ ખેડૂતોના અનુભવોનું આદાન-પ્રદાન તથા પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શનના માધ્યમથી ખેડૂત કલ્યાણ અને કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. સંમેલનમાં સંબંધિત વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

માલપુર રેન કચેરીના આરએફઓના મનમાંની



સમાધાન કરવા બોલાવેલ તેમાં બે ગામોના સરપંચ હાજર હોય રેન્ક કચેરીમાં જઈ આરેફોની ઓફિસમાં પૂરીને ઢોર માર માર્યો આ બાબતે ઉગ્ર રજૂઆત કરતા મોડાસાના ના મદદનીશવંત સંરક્ષક ને ખબર પડતા આજરોજ તાત્કાલિક કચેરી આવી અરજદારોનો જવાબ લેતા અરજદારોએ આરએફઓ પંડ્યાશ્રીનું ષડયંત્ર છેતરીને બોલાવીને ઢોર માર માર્યો આ બાબતે ૧૧૨ ને ફોન કરતા તાત્કાલિક ૧૧૨ આવીને આ વ્યક્તિઓને છોડાવેલ તેમજ માલપુર બાયડ ના ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલાએ આજરોજ મદદનીશવંત સંરક્ષક શ્રી ને જય ચર્ચા કરેલ કે અમારે આ રેન્જમાં આ પરિ ક્ષેત્ર વન અધિકારીની તાત્કાલિક બદલી કરો આવું કહેતા આગેવાનોએ પણ જણાવેલ કે વન વિભાગમાં મોટાભાઈ ભ્રષ્ટાચાર થાય છે તેની કોઈ તપાસ થતી નથી આ બાબતે જો સાતાળા રાઉન્ડમાં વાવેતરોની ૨૦૨૩ થી ૮ દિન સુધીની તપાસ કરવામાં આવે તો મોટું કુંભાર બહાર આવે તેમ છે જેમાં હદબાણ વાવેતર ટેન્ચ પીએચ પ્લોટ કેમ્પા પ્રોજેક્ટ તમામ વિગતો જો થર્ડ પાર્ટી તપાસ કરે તો મોટો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે.

લાયન્સ ક્લબ ઓફ ડાકોર પિલગ્રિમ તથા પ્રજાપિતા બ્રહ્માકુમારી કેન્દ્ર ડાકોર દ્વારા એસ. ટી. ડેપો ડાકોરના કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો



લાયન્સ ક્લબ ઓફ ડાકોર પીલગ્રીમ અને પ્રજાપતિ બ્રહ્માકુમારી ડાકોરદ્વારા એસ. ટી. ડેપો ડાકોરમાં વિવિધ વિભાગમાં કાર્યરત કર્મચારીઓનો તેમની ઉત્તમ કામગીરી બદલ શિલ્ડ આપી સન્માન નો કાર્યક્રમ ઠાસરાના ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમાર, લાયન્સ ક્લબ પ્રમુખ રવિન્દ્રસિંહ પરમાર સેક્રેટરી જયદીપસિંહ ડાભી પ્રજાપતિ બ્રહ્માકુમારી?ઝ શ્રી અર્પિતાબેન, કેડીસીસી ના ડિરેક્ટર ટીનાભાઈ,શ્રી ભૂપતસિંહ ડાભી પૂર્વ તાલુકા પ્રમુખ અને ડાકોર ડેપોના ના મેનેજર શ્રી ભારતસિંહ મહિડા અને કિશનસિંહ ગોહિલ તથા, જનસેવા ટ્રસ્ટ, ડાકોરના પ્રમુખશ્રી મિતુલભાઈ પટેલ અને લા. સદસ્યો શકુંતલાબેન પરમાર, લા. નિકીતાબેન કોઠારી ની મહેમાનપદે યોજાયો હતો.

પ્રારંભમાં ડેપો મેનેજરશ્રી ભારતસિંહ મહિડા એ સ્વાગત પ્રવચન કરી સૌ મહેમાનોને આવકાર આપ્યો હતો.આ પ્રસંગે સોલંકી પ્રદિપસિંહ વિક્રમસિંહ ડ્રાઈવર ને સારી એવરેજ, અને ડીઝલની બચત માટે મોહમ્મદ ફારુકભાઈ વોરા, સારી આવક લાવવા માટે,સીએ રોહિત વર્કશોપમાં સારી કામગીરી કરવા બદલ, રાજીભાઈ ને બસ સ્ટેન્ડ અને વર્કશોપ માં સુંદર સફાઈ કામગીરી કરે છે,મહેન્દ્રસિંહ રાઠોડ અધ્યક્ષ ઓલ ઈન્ડિયા પરિવહન કોષાધ્યક્ષ તરીકે શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છે અશ્વિનસિંહ ગોહિલને વર્કશોપમાં સારી કામગીરી બદલ કુલ ૩૦ જેટલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી જયદીપસિંહ ડાભીએ અને આભારદર્શન મહેન્દ્રસિંહ રાઠોડે કર્યું હતું.



વડોદરાની EME સ્કૂલ ખાતેથી ૦૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ EME સ્કૂલના કમાન્ડન્ટ મેજર જનરલ મોહિત ગાંધી દ્વારા " રાઈડ વિથ પ્રાઈડ - ઈસ્ટ ટુવર્ડ્સ ટેક્નોલોજીકલ ટ્રાન્સફોર્મેશન" નામની મોટરસાઈકલ અભિયાનને લીલી ઝંડી આપવામાં આવી હતી.

કોર્પ્સ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ ના ૧૨ બાઈકસવારોની એક ઉત્સાહી ટીમ વડોદરા, અમદાવાદ, ઉદયપુર, જોધપુર અને જયપુર થઈને આશરે ૧,૨૫૦ કિમીનું અંતર કાપીને દિલ્હીમાં આ મોટર સાઈકલ અભિયાનનું સમાપન કરશે.દેશના યુવાનો સાથે જોડાવા અને ભારતીય સૈન્યના હાલમાં ચાલી રહેલા ટેકનોલોજીકલ પરિવર્તનને ઉજાગર કરવાના ઉદ્દેશ્યથી આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. બાઈક સવારો રૂટ દરમિયાન સંવાદ કાર્યક્રમો યોજીને, સૈન્યના સાધનો અને સિસ્ટમોને જાળવવા અને આધુનિક બનાવવામાં કોર્પ્સ ઓફ ઈસ્ટની ભૂમિકા વિશે લોકોને સમજણ આપશે, સાથે-સાથે યુવા ભારતીયોને સશસ્ત્ર દળોમાં કારકિર્દી બનાવવા માટે પ્રેરણા આપશે.

વૈશ્ય સમુદાયે એક થવું જોઈએ અને પોતાની શક્તિને આગળ વધારવી જોઈએ: ધારાસભ્ય ડો. સુભાષ ગર્ગ

૪ ઓક્ટોબરના રોજ, ભરતપુરમાં આયોજિત અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાની રાષ્ટ્રીય કાર્યકારિણી સમિતિના ઉપમા સત્ર, રાષ્ટ્રીય મહાસમિતિની બીજી બેઠક અને રાષ્ટ્રીય કાર્યકારિણીની ચોથી બેઠક દરમિયાન, ભરતપુરના ધારાસભ્ય ડૉ. સુભાષ ગર્ગે આ કાર્યક્રમ માટે ખંડેલવાલ સમુદાયને અભિનંદન આપ્યા. તેમણે વૈશ્ય શક્તિની સતત પ્રગતિ, અગ્રવાલ, ખંડેલવાલ, વિજયવર્ગીય, જૈન, મહેશ્વરી અને વૈશ્ય સમુદાયોને મજબૂત બનાવવા અને સામાજિક સંવાદિતા જાળવવા હાકલ કરી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે પણ સમુદાય પર કોઈ સંકટ આવે છે, ત્યારે બધા સાથે મળીને કામ કરે તો તેનો ઉકેલ આવશે. વૈશ્ય સમુદાય વ્યાપારિક રીતે મજબૂત છે, પરંતુ રાજકીય રીતે નહીં. વૈશ્ય સમુદાય કોઈને નુકસાન પહોંચાડતો નથી, તેથી જ ૩૬ સમુદાયો તેમને ટેકો આપે છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે આપણે બધા સાથે મળીને ઊભા રહીએ છીએ, ત્યારે આપણે વહીવટ અને સરકારને આપણી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે દબાણ કરી શકીએ છીએ. તેમણે શિક્ષણ, મહિલા કલ્યાણ અને આરોગ્યસંભાળ પ્રત્યે સમુદાયની પ્રતિબદ્ધતા બદલ અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના પ્રમુખ રમેશ ચંદ્ર ખંડેલવાલ (તુંગાવાલા)નો આભાર માન્યો હતો.

અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાષ્ટ્રીય પ્રવક્તા અને મીડિયા ઇન્ચાર્જ પ્રોફેસર રમેશ કુમાર રાવતે જણાવ્યું હતું કે મહાસભાની બેઠક દરમિયાન, પ્રમુખ રમેશ ચંદ્ર ખંડેલવાલ (તુંગાવાલા) એ માહિતી આપી હતી કે ખંડેલવાલ વૈશ્ય મહાસભાએ ૨૦૨૪ થી ૨૦૨૭ દરમિયાન સમુદાયના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સહાય માટે ?૨૫.૩ મિલિયન (૨૫.૩ મિલિયન રૂપિયા) પૂરા પાડ્યા છે. વધુમાં, શિક્ષણ માટે શિષ્યવૃત્તિ તરીકે આશરે ?૧૦ મિલિયન (૧૦ મિલિયન રૂપિયા) પૂરા પાડવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં, સમુદાયની જરૂરિયાતમંદ મહિલાઓને મહિલા કલ્યાણ અને જાહેર કલ્યાણ સહાય માટે ?૧૦ મિલિયન (૧૦ મિલિયન રૂપિયા) પૂરા પાડવામાં આવ્યા છે. સમુદાયના સભ્યોને ?૮૦,૦૦૦ ની તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. તેમણે પોતાને સમુદાયના સૈનિક તરીકે વર્ણવ્યા. તેમણે જાન્યુઆરી ૨૦૨૭ માં મહિલા સંમેલન યોજવાની પણ જાહેરાત કરી. તેમણે માતાપિતાને તેમના બાળકોમાં સારા મૂલ્યો કેળવવા વિનંતી કરી. તેમણે આંતરજાતિય લગ્નો, છૂટાછેડા અને વિલંબિત લગ્નોની વધતી સંખ્યા પર પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે પુત્રવધૂઓને પુત્રીઓ જેવી ગણવાની હિમાયત કરી. તેમણે મહિલાઓને છૂટાછેડાના કારણો અને છૂટાછેડા અટકાવવા માટે ટિપ્સ અને ઉકેલો વિશે માહિતી પણ આપી. તેમણે મહિલાઓને લગ્નમાં બિનજરૂરી ખર્ચ અને પરબિડીયું પ્રણાલી ટાળવા વિનંતી કરી. તેમણે આગામી સામાન્ય સભાના પ્રમુખ તરીકે સમુદાયની મહિલાની નિમણૂક કરવા પણ વિનંતી કરી.



અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના વડા પ્રધાન ચંદ્ર પ્રકાશ ખંડેલવાલ, સંયુક્ત મંત્રી, ખંડેલવાલ વેશ્યા મહાસભા અને જિલ્લા પ્રમુખ યુથ પ્રેસિડેન્ટ એ. યુવા પ્રમુખ જુરહરા, પવન ખંડેલવાલ પહાડી, પ્રેમચંદ ખંડેલવાલ ગોપાલગઢ, સંજય ખંડેલવાલ યુવા પ્રમુખ ડીગ, મનોજ ખંડેલવાલ યુવા પ્રમુખ કુમ્હેર, રાજેશ ખંડેલવાલ યુવા પ્રમુખ જનુથર, વેદ પ્રકાશ ખંડેલવાલ યુવા પ્રમુખ નગર, મનોજ સિતારે વાલે કુમ્હેર,

શંભુ અકડના મહામંત્રી ખંડેલવાલ વૈશ્ય સમાજ કમાનને સભાના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે, શ્રી રાકેશ રાવત, દિલ્હીના આજીવન મુખ્ય આશ્રયદાતા અને અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભા, જયપુરના ભૂતપૂર્વ વડા પ્રધાન; શ્રી ખેમરાજ માટુકી વાલે, એક અગ્રણી પરોપકારી અને સામાજિક કાર્યકર (કામવાન); કાર્યકારી પ્રમુખ ગોપાલ ખંડેલવાલ, એડવોકેટ, મથુરા; કાર્યકારી પ્રમુખ ગિરધારીલાલ ખંડેલવાલ (ડીગ), જયપુર મહા ખંડેલવાલ; અને રાજુ ખંડેલવાલ, સુરતના ખંડેલવાલ સમાજના પ્રમુખ; અને રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, છત્તીસગઢ, ઝારખંડ, આસામ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ તેમજ કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, રતલામ, મુંબઈ અને રાજનાંદગાંવ સહિત દેશભરના મુખ્ય શહેરોમાંથી અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના અસંખ્ય પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને આજીવન સભ્યોએ બેઠકમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે, સિક્કિમના મૂળ રુદ્રાક્ષ પણ બધા મુલાકાતીઓને વહેંચવામાં આવ્યા હતા. ભરતપુર ખંડેલવાલ યુવા સમાજની મહિલા કારોબારી સમિતિએ મોબાઈલ ફોનના ઉપયોગ પર જાગૃતિ કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

પાટણમાં વણકર સમાજ ભવનના નિર્માણ કાર્યની મુલાકાત: પદ્મનાભ મંદિર સામે બની રહેલા આધુનિક ભવનનું નિરીક્ષણ કરાયું

પાટણમાં વણકર સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા પદ્મનાભ મંદિર સામે સમાજ ભવન અને લાયબ્રેરીનું નિર્માણ ચાલી રહ્યું છે. આ ભવન વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે.

તાજેતરમાં ટ્રસ્ટના હોદ્દેદારો, પાટણ શહેરના આગેવાનો અને યુવાનોએ બાંધકામ સ્થળની મુલાકાત લીધી. પ્રમુખ ડૉ. અનિલભાઈ પી. પરમાર, મહામંત્રી મુકેશભાઈ યુ. પરમાર અને કારોબારી સભ્ય રસિકભાઈ સી. જાદવ હાજર રહ્યા. તેમણે કામની પ્રગતિ જોઈ ખુશી વ્યક્ત કરી.

ભવનમાં લાયબ્રેરી, કમ્પ્યુટર સુવિધા અને નિષ્ણાતોના માર્ગદર્શનથી યુવક-યુવતીઓ જેઈઈ, નીટ જેવી પરીક્ષાઓની તૈયારી કરી શકશે. ૬૦□૫૩ ફૂટનો વિશાળ હોલ ૨૫૦ લોકોની બેઠક વ્યવસ્થા સાથે સામાજિક પ્રસંગો માટે ઉપયોગી. બીજા માળે છ છઝ રૂમ અને શૌચાલય સાથે બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની સગવડ.

પ્રમુખ ડૉ. અનિલભાઈ પરમારે દિવાળી આસપાસ બે માળનું કામ પૂર્ણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. બાળકોના શિક્ષણ માટે દાન આપવા અપીલ કરાઈ. દાન આવકવેરા કાયદા હેઠળ કરમુક્તિ પાત્ર છે. સંપર્ક: ૯૭૨૩૭૧૯૭૭૩.



Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat